# ચ-૨ અને ૭/૮ના કટ વચ્ચે મેટ્રો સ્ટેશન બનશે

## ૧લી ઓક્ટો. થી જુન-૨૦૨૩ સુધી આ રોડ વાહન-વ્યવહાર માટે બંધ કરવા અંગે જાહેરનામુ જારી કરાયુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં મેટ્રોરેલના ચાલી રહેલા કામકાજને પગલે આગામી ૧લી ઓક્ટો.-૨૨થી જુન-૨૦૨૩ સુધી ચ-૨ થી સે. ૭/૮ના કટ સુધીનો માર્ગ બંધ કરવા અંગેનું જાહેરનામુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુશ્રી રિતુસિંગ દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

ચ-૨ થી ૭/૮ના કટ સુધીના માર્ગ પર મેટ્રોરેલનું સ્ટેશન નિર્માણ કરવાની કામગીરી પર હાથ પર લેવામાં આવનાર હોવાથી પોલીસ અભિપ્રાય બાદ આ જાહેરનામુ જારી કરવામાં આવ્યુ છે.

આ માર્ગ બંધ થતાં વાહન-વ્યવહાર ચ-૨ સર્કલથી ડાબી બાજુ વળી ઘ-૨ સર્કલ, ઘ-૩ સર્કલ સુધી થઈ તથા ત્યાંથી આગળ છ-૩ સર્કલ ટી પોઈન્ટ થઈ જ રોડ થઈ જ રોડ પર જવાનું રહેશે.

પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)ખ થી મળેલ સત્તાની રૂએ આ જાહેરનામુ જારી કરવામાં આવ્યુ છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે.

મેટ્રોરેલ પ્રોજેક્ટમાં ગાંધીનગરનો ફેઝ-૨ માં સમાવેશ કરવામાં આવ્યો છે. હાલ ગાંધીનગર શહેરમાં મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે ગાંધીનગરમાં ૨૦ જેટલા સ્ટોપેજ આવશે.

મેટ્રોરેલ પ્રોજેક્ટ ૨૦૨૪માં કાર્યરત થાય તે રીતે આખો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે બે રૂટ ગાંધીનગર માટે બનાવવામાં આવ્યા છે. એક રૂટ ગિફ્ટસીટી સુધીનો છે જ્યારે બીજો રૂટ સચિવાલય થઈ મહાત્મા મંદિર સુધીનો છે.

ગાંધીનગર શહેરમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ સંપૂર્ણ એસીવેટેડ છે અને તેથી કામગીરી અત્યંત ચિવટતાપૂર્વક ચાલી રહી છે. શહેરમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ માટે સતત બેઠકોનો દોર પણ ચાલી રહ્યો છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર કક્ષાએથી આ પ્રોજેક્ટની સમીક્ષા પણ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે. સાબરમતીથી ગાંધીનગરને મેટ્રોરેલ સાથે જોડવામાં આવનાર છે.



ગરબા અને ગુજરાત એકબીજાનો પર્યાય ગણાય છે. ગરબાને બાદ કરો તો ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરા અધુરી ગણાય છે. નવરાત્રીનો રંગ પુરબહારમાં ખીલ્યો છે. એકે એક શેરી અને એકે એક વિસ્તારમાં ગરબાના નાના મોટા આયોજનો થઈ રહ્યા છે. ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. ગરબે ઘુમવાનો લ્હાવો લેતા ખેલૈયાઓ નવરાત્રીના ઉત્સવને ઉલ્લાસભેર માણી રહ્યા છે. શહેરના સેક્ટરોમાં યોજાતા શેરી ગરબા અને પાર્ટી પ્લોટના ગરબામાં ઉત્સવનો અનેરો ઉલ્લાસ છવાયો છે.

# ગુડા દ્વારા આગામી ૩ ઓક્ટોબરના રોજ ઈડબલ્યુએસ કક્ષાના ૪૦૧ મકાનોનો ડ્રો કરાશે

## સરગાસણ, કુડાસણ, વાવોલમાં અનામત કક્ષાના બાકી રહેતા આવાસોનો ડ્રોના આધારે ફાળવી દેવાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં હાલ માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે ગ્રામિણ વિકાસ યોજના અન્વયે પણ રસ્તા , પાણી અને સ્ટ્રીટ લાઈટની વિવિધ કામોને અનુલક્ષીને માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. જયારે ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં નિર્માણ કરાયેલા આવાસો અન્વયે અગાઉ ડ્રોના અંતે અનામત કક્ષામાં બાકી રહેતા આવાસોને ડ્રો ના આધારે ફાળવવા માટે નિર્ણય લેવાયો છે. જેમાં ડિફેન્સ સહીતના રીઝર્વ કક્ષામાં ૪૦૧ જેટલા મકાનોનો આગામી તા ૩ ઓક્ટોબરના રોજ ડ્રો કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારજનો માટે નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આવાસો બાંધવા માટે વાવોલ સરગાસણ અને કુડાસણમાં પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં હજુ પણ નવા આવાસો તૈયાર કરવામા આવશે. જયારે અત્યાર સુધી ફાળવવામાં આવેલા ઈ ડબલ્યુ એસ કેટેગરી ટુ ના આવસો અન્વયે અનામત કક્ષામાં અરજદારો ન મળ્યા હોય તેવા આવાસોનો પણ ટુંકમાં ડ્રો કરવામાં આવશે જેમાં ડેફેન્સ સહીતની વિવિધ કક્ષાના અનામત આવાસો માટે આગામી તા ૩ ઓક્ટોબરના રોજ ડ્રો યોજવામાં આવશે. મકાનોની સંખ્યા વધુ હોય અને અરજીઓ ઓછી આવી હોય તેવા કિસ્સામાં દરવર્ષે આ મુજબના આવાસોને ધ્યાનમાં રાખી શહેરી વિકાસ સત્તા

● અનુસંધાન પાન-૬ પર

# નર્મદાનું પાણી કયા-કયા ગામોમાં કેટલુ જાય છે અને કેટલો ઉપાડ સહિતની તપાસ હાથ ધરતુ પાણી પુરવઠાતંત્ર

ગાંધીનગર, તા. ૨૯

નર્મદા નદીનું પાણી મેળવતા ગામોમાં ખરેખર પાણી પહોંચે છે કે કેમ ? કેટલુ પાણી લેવામાં આવે છે ? નર્મદાના પાણી માટેની પાઈપલાઈનો અને પાણીના સંગ્રહ માટે બનાવેલા સંપની સ્થિતિ સહિતની સર્વગ્રાહી તપાસ પાણી પુરવઠા દ્વારા હાથ ધરવામાં આવી છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં આ માટે ટીમો બનાવી અને તપાસ હાથ ધરવામાં આવી હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

ઘણા બધા જિલ્લાઓમાં પાણી પહોંચ્યુ જ ન હોવાનું અને સંપમાં ઘાસ ઉગી ગયાની વિગતો પણ બહાર આવી હોવાનું જાણવા મળેલ છે.

ચાલુ વર્ષે રાજ્યમાં ૧૦૦ ટકા વરસાદ થઈ ગયો હોવાથી તંત્રએ આ તપાસ હાથ ધરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. મળતી વિગતો મુજબ આ માસના અંત સુધીમાં આખો રિપોર્ટ તૈયાર થઈ જશે અને ત્યારબાદ નવેસરથી રણનીતિ તૈયાર કરાશે તેમ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૬ પર

# સે-૯ માં જુના આવાસો તોડી ‘ક’ અને ‘ખ’ પ્રકારના બંગલા બાંધવા વિચારણા

## અધિકારીઓ માટેના બંગલાની ઘટ : સે-૯ માં ૫૦ વર્ષ જુના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે : જગ્યા ખુલ્લી થયા બાદ નવા બંગલા બાંધવા માટે પણ આયોજન કરવામાં આવશે

ગાંધીનગર તા ૨૯

શહેરના વિવિધ સેકટરોમાં જુના અને જર્જરિત આવાસો તોડવામાં આવી રહ્યા છે. જોખમી આવાસોના સ્થાને નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૬૪૯ આવાસો તોડવાનો નિર્ણય કરાયો છે. જયારે હાલ સે-૯ માં વિવિધ કક્ષાના ૫૦ વર્ષ જુના ૭૨ મકાનો તોડવાનુ કામ પણ પુર્ણતાના આરે છે. જયારે આ મકાનો તોડવામાં આવ્યા બાદ ખુલ્લી થયેલી જગ્યામાં ક અને ખ પ્રકારના બંગલા બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરમાં વિવિધ કક્ષાના આવાસોની સાથે ક અને ખ પ્રકારના આવાસોની પણ ઘટ છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. સે-૯ માં ચ , છ અને જ કક્ષાના પાંચ દાયકા જુના મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. અલબત્ત ટુંકમાં જ આવાસો તોડવાનુ કામ પુર્ણ કરી દેવાશે સે -૯ માં જુના અને ખંડેર આવાસો તોડવાનુ કામ ૭૦ ટકા જેટલુ પુર્ણ થઈ ગયુ છે જેમાં ચ જ અને છ પ્રકારના ૭૨ જેટલા મકાનો તોડવા માટે કામ ચાલી રહ્યુ છે. જયારે જુના આવાસો તોડીને તેના ઠેકાણે નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સે-૬, સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે હજુ પણ ખુલ્લી જગ્યા ઉપલબ્ધ થાય તેમ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવશે. શહેરના સે-૯ માં ૫૦ વર્ષ જુના મકાનો તોડી

● અનુસંધાન પાન-૬ પર

# શહેરમાં છેલ્લા ૧૨૦ દિવસમાં કોરોનાના ૧૫૩૦ કેસ નોંધાયા

## કોરોનાના હળવા લક્ષણોને પગલે હોસ્પિટલાઈઝેશન રેટ ઘટ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૧૨૦ દિવસમાં કોરોનાના ૧૫૩૦ કેસ નોંધાયા છે.

શહેરમાં જુન-૨૦૨૨થી કોરોનાની ચોથી લ્હેરનો પ્રવેશ જોવા મળી રહ્યો છે. જુન મહિનામાં ૧૮૧ કેસ, જુલાઈમાં ૭૭૫ કેસ, ઓગષ્ટમાં ૪૧૧ કેસ તેમજ સપ્ટેમ્બરમાં ગઈકાલ સુધીમાં ૧૬૨ કેસ નોંધાયા છે.

શહેરમાં છેલ્લા ૪ મહિનામાં જુલાઈમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. જો કે આ પછી શહેરમાં કોરોનાના સંક્રમણમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી છે. શહેરમાં લોકલ ટ્રાન્સમિશનથી વધુ કેસો નોંધાયા છે.

શહેરમાં ૧૨૦ દિવસમાં નોંધાયેલા ૧૫૩૦ કેસમાં મહિલા દર્દીઓની સંખ્યા નોંધનીય રહી છે. આ ઉપરાંત નાની વયના બાળકો પણ કોરોનામાં સપડાયેલા જોવા મળ્યા છે.

કોરોનાની ચોથી લ્હેરમાં હોસ્પિટલાઈઝેશન ઓછુ રહેવા પામ્યુ છે.

● અનુસંધાન પાન-૬ પર

## શહેરના સે. ૮, ૨૦ અને ૩૦માંથી કોરોનાના એક-એક કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ દિવસ બાદ આજે એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલ ચડાવ-ઉતારની સ્થિતિથી તંત્ર ચિંતાતુર છે. લોકલ ટ્રાન્સમિશન સ્થિર થયાનું તંત્ર માની રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં છુટા છવાયા કેસો સતત મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાં સે. ૮માં ૬૨ વર્ષીય મહિલા, સે. ૨૦માં ૫૭ વર્ષીય પુરૂષ અને સે. ૩૦માં ૮૦ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. બે દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

# શહેરમાં મુખ્ય ‘ચ’ અને ‘ખ’ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં આયોજન કરાશે

## ખ માર્ગ પર અમુક ભાગમાં કામ બાકી છે. જયારે પાંચ વર્ષના સમયગાળા બાદ ચ માર્ગનુ રીસરફેસીંગ પણ અનિવાર્ય : વરસાદી દિવસોના અંતે મુખ્યમાર્ગોની સરફેસ પણ ખરબચડી બની

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરના સેકટરોમાં નિયત સમયના અંતે હવે વિવિધ માર્ગોનુ રીસરફેસીંગ અનિવાર્ય બન્યુ છે. જેમાં નગરના મુખ્ય ઘ માર્ગનુ બાકી કામ ટુંકમાં હાથ ધરવામાં આવશે જયારે મુખ્ય ચ અને ખ માર્ગનુ પણ રીસરફેસીંગ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આ ઉપરાંત સેકટર ૧૦ અને ૧૧ ના આંતરિક માર્ગોનુ પણ કામ હાથ ધરાશે. મુખ્ય ચ માર્ગને પણ હવે પાંચ વર્ષના અંતે રીસરફેસીંગ કરવાનુ અનિવાર્ય હોવાનુ સર્વેના અંતે ધ્યાને આવ્યુ છે. જયારે ખ માર્ગ પર અમુક ભાગમાં કામ બાકી છે તે પણ પુર્ણ કરાશે.

ગાંધીનગર શહેરમાં સેકટરોના આંતરિક માર્ગો છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ છે. છેલ્લા ચાર વર્ષના નિયત સમયગાળા બાદ પણ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી જયારે ચોમાસાના અંતે માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. જો કે કોર્પોરેશન કક્ષાએથી આગામી દિવસામાં ટુંક સમયમાં જ સેકટરોના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે. બીજીતરફ નગરના મુખ્યમાર્ગોની હાલત પણ ખરાબ થઈ છે. વરસાદી દિવસોમાં ડામર માર્ગાનુ ધોવાણ થયુ છે. શહેરના મુખ્ય ચ અને ખ માર્ગનુ પણ રીસરફેસીંગ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. અલબત્ત ચ અને ખ માર્ગના રીસરફેસીંગની સમય મર્યાદા પણ હવે પુર્ણ થઈ ગઈ છે. એકબાજુ ઘ માર્ગના રીસરફેસીંગની બાકી છે. ગત વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પડતુ મુકાતા ઘ માર્ગના રીસરફેસીંગની કામગીરી પણ અધુરી રહી છે. ઘ - ૪ થી ઘ- ૭ વચ્ચેના રૂટમા આ માર્ગને યોગ્ય કરવા માટે આગામી સપ્તાહમાં કામ શરૂ કરી દેવાશે. જયારે નગરના મુખ્ય ચ માર્ગ કામ

● અનુસંધાન પાન-૬ પર

# સે-૨૩ અને ૨૮ની લગ્નવાડી મનપાને સોંપી દેવામાં આવી

## સે-૨૩ ની લગ્નવાડીના રીનોવેશન પાછળ રૂ ૧.૩૫ કરોડનો ખર્ચ કરાયો : હવે લગ્નવાડી ભાડે રાખવા માટે નાગરિકોએ કોર્પોરેશનને અરજી કરવી પડશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં કોર્પોરેશન અસિત્વમાં આવ્યા બાદ એક દાયકાથી વધુ સમયના અંતે નગરના રોડ નેટવર્ક સહીત રંગમંચ અને લગ્નવાડીની નિભાવણીનુ કામ પણ મહાનગરપાલિકને સોંપી દેવામાં આવ્યુ છે.શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ ઘ- ૫ સ્થિત ઓપન એર થિયેટર પણ કોર્પોરેશનને સોંપી દેવા માટે ગતિવિધી હાથ ધરવામાં આવી છે. જયારે તબક્કાવાર રીનોવેશનના અંતે લગ્નવાડીનુ સંચાલન પણ હવે કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે સે-૨૩ અને સે-૨૮ ની લગ્નવાડી પણ હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ હાલ શહેરના રોડ નેટવર્કની જાળવણીનુ કામ પણ માર્ગ મકાન વિભાગ પાસેથી મહાનગરપાલિકને સોંપી દેવાયુ છે શહેરના અંદાજિત ૪૩૦ કીલોમીટરના માર્ગોની જાળવણીની જવાબદારી હવે કોર્પોરેશન કરે છે. નગરના મુખ્ય ઉભા અને આડા માર્ગો સિવાય સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ હવે મહાનગરપાલિકા કક્ષાએથી કરવામાં આવશે. સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત સેકટરોના રંગમંચ , બગીચાઓ અને લગ્નવાડી પણ તબક્કાવાર કોર્પોરેશનને સોંપવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના બગીચાઓનુ પણ નવિનીકરણ કરવામાં આવ્યુ છે જેના લીધે ખંડેર બગીચાઓ હવે નિખર્યા છે. જયારે ઘ-૫ નુ ઓપન એર થિયેટર પણ કોર્પોરેશનને સોંપવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ઘ-૫ નુ ખાણી પીણી બજાર પણ મહાનગરપાલિકને સોંપી દેવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવાનો પ્રાજેકટ હાથ ધરવામાં આવ્યો છે. સેકટરોમાં કરોડો રૂપિયાના ખર્ચે પાણી તેમજ ગટરની મોટા ડાયામીટર ધરાવતી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની આ યોજના અન્વયે લાઈનનુ કામ પુર્ણ થયા બાદ પાણી ગટરની જવાબદારી પણ આગામી વર્ષમાં કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે. શહેરના સેકટરોમાં બગીચાઓની સાથે રંગમંચ અને લગ્નવાડી પણ આમ નાગરિકો માટે વિશેષ ઉપયોગી છે. જેમાં સે-૨૩ લગ્નવાડીનુ રીનોવેશન કામ થોડા સમય અગાઉ જ પુર્ણ કરાયુ છે. લગ્નવાડીના રીનોવેશન પાછળ ૧.૩૫ કરોડનો ખર્ચ કરાયો છે. જેમાં લગ્નવાડીના સ્ટેજ , પાર્કીંગ, રસોડા તેમજ શૌચાલય બ્લોક સહીતના વિવિધ કામોનુ રીનોવેશન કરાયા બાદ લગ્નવાડી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે.

આ ઉપરાંત સે-૨૮ ની લગ્નવાડી પણ મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવી છે. આ બન્ને લગ્નવાડીનુ સંચાલન હવે કોર્પોરેશન કક્ષાએથી કરવામાં આવશે. ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગ હસ્તકની જવાબદારી એક બાદ એક કોર્પોરેશનને સોંપી દેવાતા પાટનગર યોજના વિભાગ પાસે હાલ નવા આવાસા બનાવવા ઉપરાંત નગરમાં પાણી ગટર ની વ્યવસ્થાપન જાળવવાનુ કામ બાકી રહ્યુ છે.

આ ઉપરાંત નવા બિલ્ડીંગો બાંધવાનુ કામ પણ વિભાગ હસ્તક છે. જો કે પાટનગર યોજના વિભાગ હસ્તકના જુના અને જર્જરિત આવાસોની જવાબદારી મુખ્ય છે. આ પૈકી મોટાભાગના આવાસો જોખમી હોવાથી તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. અલબત્ત કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાના અંતે હવે કોર્પોરેશન શહેરી વિસ્તારની માળખાગત સુવિધાઓની નિભાવણી માટે આગળ આવ્યુ છે. બીજીતરફ પાટનગર યોજના વિભાગમાં કાર્યરત વિવિધ ડીવીઝનલ કચેરીનુ કાર્યભારણ પણ ઘટયુ છે.





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સદ્‌વિચાર પરિવાર સંચાલિત
હિરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર
ઉવારસદ, જી. ગાંધીનગર.

ઉપરોક્ત સંસ્થાના અન્નપૂર્ણા ભવનના રીનોવેશનની અંદાજિત કિંમત રૂા.૪,૨૨,૩૦૨ છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ ઉપરોક્ત સરનામેથી તા.૩-૧૦-૨૦૨૨ થી ૮-૧૦-૨૦૨૨ (કાર્યાલય સમય ૧૧ થી ૫) સુધીમાં મળી શકશે. ટેન્ડર ફી રૂા.૧૫૦૦ નોન રીફન્ડેબલ છે. અર્નેસ્ટમની ડિપોઝીટ રૂા.૪૨,૫૦૦ ડીડી/એફડીઆર થી ટેન્ડર સાથે જમા કરાવવાની રહેશે. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૧૪-૧૦-૨૦૨૨ સાંજે ૪ વાગ્યા પહેલા ઉપરોક્ત સરનામે પહોંચે તેમ ભરેલા ટેન્ડર ફોર્મ જમા કરાવવાના રહેશે. સંસ્થા કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડરના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય કરી શકશે. શ્રી રામસિંહ ચૌહાણ - 9712961173 (કેમ્પસ ડાયરેક્ટર)

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com